# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

શહેરમાં કોરોનાની પરિસ્થિતીની ગંભીરતાને ધ્યાને લઈ લોકડાઉનના જાહેરનામા મુજબ તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સુરત શહેરની લોકડાઉનની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા માટે રાંદેર ઝોનના આનંદ મહલ રોડ–પાલનપુર જકાતનાકા, રાજમાર્ગ–રેલવે સ્ટેશનથી, કાપોદ્રા–પુણા સીમાડા વિસ્તારમાં માન.મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની, માન. કલેકટર ડૉ. ધવલ પટેલ, માન. પોલીસ કમિશનરશ્રી આર. બી. બ્રહ્મભટ્ટ અને રાજય કક્ષાથી નિમાયેલ શ્રી મહેન્દ્ર પટેલ સહિત અધિકારીઓ નિકળ્યા હતા. સુરત મહાનગરપાલિકાના માન.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતુ કે ગઈકાલે ૯૫% લોકડાઉન હતું તે આજે ૧૦૦% જોવા મળ્યું છે. પોલીસ તંત્ર, કલેકટર તંત્ર, મ્યુનિસિપલ તંત્ર અને એજન્સીઓ સરસ કામગીરી કરી રહી છે અને સુરતના શહેરીજનો જે રીતે સંપૂર્ણ સહકાર આપી રહેલ છે તે બદલ હું શહેરીજનોનો આભાર વ્યકત કરું છું અને જાહેર જનતાને સામાજીક કાર્યક્રમોનું આયોજન ન કરવા તથા ભેગા મળી જમવાના કાર્યક્રમો ન રાખવા જણાવેલ છે. આજની સ્થિતિએ ૨ કેસો પોઝીટીવ જોવા મળેલ છે. કુલ સુરત શહેરમાં ૬ કેસ અને રૂરલમાં ૧ કેસ પોઝીટીવ છે. જેની સાથે કુલ ૭ પોઝીટીવ કેસ જોવા મળેલ છે. આ કેસો સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓને કવોરોન્ટાઈન કરવામાં આવેલ છે અને કવોરોન્ટાઈનના નિયમોનું કડક રીતે અમલીકરણ કરવામાં આવી રહયું છે. માન. પોલીસ કમિશનરશ્રી આર. બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું કે સુરત શહેરની જનતાએ લોકડાઉનની પરિસ્થિતિમાં જે સહકાર આપેલ છે. જેનો હું આભાર માનું છું. ગઈકાલે રાજય સરકારની સામાન્ય જે ગાઈડલાઈનની નોટીફીકેશનનો ભંગ કરનાર કુલ ૩૨ સામે કેસો દાખલ કરવામાં આવેલ છે અને આજે પણ જે લોકો આનો અમલ ના કરે તેઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. રાજય કક્ષાથી નિમાયેલ શ્રી મહેન્દ્ર પટેલે જણાવ્યું કે મારે ફકત જાહેર જનતાને એક જ વાત કરવી છે કે 'ઘરમાં રહો અને સેફ રહો'. માન. કલેકટર ડૉ. ધવલ પટેલે જણાવ્યું કે જનતાનો પ્રતિસાદ ખુબ સારો મળી રહયો છે. રૂરલ વિસ્તારમાં ૧ કેસ પોઝીટીવ આવ્યો છે. તેમના ટ્રીટીંગ ડોકટર અને તેમની જે ટીમ હતી અને તેમના ઘરના સભ્યોને હાલમાં કવોરોન્ટાઈન ફેસીલીટીમાં રાખવામાં આવ્યા છે. ગઈકાલે લગભગ ૬૦ વ્યકિતઓ અને આજે બીજા દર્દીના સંપર્કમાં આવનાર ૨૭ વ્યકિતઓ અને ફેમીલી મેમ્બરોને કે જે કોર્પોરેશનના વિસ્તારમાં છે તેઓને પણ કવોરોન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવેલ છે અને જરૂર પડે તો બીજી જગ્યા એ પણ કવોરોન્ટાઈન ફેસીલીટી ઉભી કરવામાં આવી રહી છે. જે ગ્રામ્ય વિસ્તારમાં જો જરૂર જણાય તો આપણે આ ફેસીલીટીનો ઉપયોગ કરી શકીએ છીએ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં........523
તા.૨૪/૦૩/૨૦૨૦